


# રાજ્યમાં છ બેઠકોની પેટા ચૂંટણી માટે પ્રચારનો અંત : આવતીકાલે મતદાન

## પ્રચારનો અંત આવ્યા બાદ ઉમેદવારો ડોર ટુ ડોર, વન ટુ વન મળીને મતદારોને તરફેણમાં કરવા માટે સક્રિય થયા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં વિધાનસભાની છ બેઠકો માટે પેટાચૂંટણીની તૈયાર પૂર્ણ થઈ ચુકી છે. પેટા ચૂંટણી માટે આજે પ્રચારનો અંત આવી ગયા બાદ ઉત્સુક્તા વધી ગઈ છે. મતદાન માટેનો તખ્તો તૈયાર થઈ ગયો છે. મતદાનને લઈને ચૂંટણી પંચે તમામ તૈયારીઓ કરી લીધી છે. પ્રચારનો અંત આવ્યા બાદ મતદારો હવે ઘેર ઘેર જઈને પ્રચાર કરવામાં લાગી ગયા છે. ગુજરાતમાં જે છ બેઠકોની પેટા ચૂંટણી યોજનાર છે તેમાં રાધણપુર, બાયડ, લુંણાવાડા, અમરાઈવાડી, થરાદ અને ખેરાલુનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર અને હરિયાણા સહિત અલગ-અલગ રાજ્યોની પેટાચૂંટણી સાથે ગુજરાતની પણ છ વિધાનસભા બેઠકો માટે પણ પેટા ચૂંટણી તા.૨૧ ઓક્ટોબરે યોજાવા જઈ રહી છે જેને લઈને આજે સાંજે ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થઈ ગયા હતા. હવે ઉમેદવારો છેલ્લા ૪૮ કલાક ડોર ટુ ડોર અને વન ટુ વન બેઠકો અને મુલાકાત કરી છેલ્લી ઘડીના પ્રચારના મરણિયા પ્રયાસોમાં જોતરાયા છે. બીજીબાજુ, રાજયની આ છ વિધાનસભા

● અનુસંધાન પાન-૭ પર

## સચિવાલયમાં પાર્ક કરેલા ટુ વ્હીલર પર રાખેલા હેલમેટ ચોરીના બનાવો

ગાંધીનગર,તા.૧૯

ગુજરાતની રાજધાની ગાંધીનગર સચિવાલયને સત્તાનું પાવર હાઉસ માનવામાં આવે છે. નવા સચિવાલયમાં બે સ્વર્ણિમ સંકુલો છે. જેમાં સ્વર્ણિમ સંકુલ એકની અંદર મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી સહિતના કેબિનેટ મંત્રીઓ બેસે છે જ્યારે સંકુલ ૨માં રાજ્યકક્ષાના મંત્રીઓ બેસે છે. આ બંને સંકુલોની વચ્ચે વિધાનસભા આવેલી છે તેની આસપાસમાં કુલ ૧૪ બિલ્ડિંગો છે. જેમાં મુખ્ય સચિવ સહિત ઉચ્ચ અધિકારીઓ અને અન્ય ઉચ્ચ અધિકારીઓની કચેરીઓ આવેલી છે. ગાંધીનગર સ્થાનિક લોકો પણ અહીં આવે છે. જેમાંથી ઘણા લોકો બાઈક અને સ્કૂટર પર આવતા હોય છે. સચિવાલયમાં પ્રવેશ કરવો સરળ નથી. તમામ દરવાજા પર બંદૂક ધારી સલામતી જવાનો ૨૪ કલાક ખડેપગે હોય છે. સચિવાલયમાં પ્રવેશ કરવા માટે જે તે વ્યક્તિને ગેટની બહારથી પોતાના ફોટા સાધનો એન્ટ્રી પાસ કઢાવવાનું હોય છે. એ સિવાય જે લોકો પણ અંદર આવે છે. તે બધા પાસે આપેલા માન્ય આઈ કાર્ડ હોય છે. સચિવાલયની અંદર અનેક જગ્યાએ સીસીટીવી કેમેરા પણ લગાવેલા છે.







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com